**ઉમરેઠના મહે. જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ-ઉમરેઠ**

**ફોજદારી કેસ નંબર -૧૦૧૬/૨૦૨૨**

**આંક-૮**

**ફરિયાદીઃ-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃ-** **સરોજબેન તે બાબુભાઈ ડાહ્યાભાઈ ઠાકોર**
**રહેઃ** **રામદેવપુરા તાબે ધુળેટા તા.ઉમરેઠ જી.આણંદ**

---

**:: ઠ રા વ ::**

1. આ કામે તપાસને અંતે ત.ક.અ.શ્રીએ આરોપી સામે **ગુજ.પ્રોહી.એક્ટ કલમ-૬૫(એએ)** મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે. આજરોજ આરોપી અદાલત સમક્ષ હાજર છે. આરોપીને ક્રિમી. પ્રોસી. કોડ કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવી છે. આરોપીની ગુના સબબ પ્લી નોંધવામાં આવી છે, જેમાં આરોપીએ ગુનો કબુલ કર્યો છે અને આજરોજ પુરસીસ રજૂ કરી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જાહેર કર્યું છે. આરોપીએ તેમનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવી ફરીથી ગુનાનું પુનરાવર્તન નહીં થાય તેની ખાતરી આપીને કાયદામાં દર્શાવેલી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે વિનંતી કરી છે.

2. આરોપીને તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ સમજાવ્યા છે, પરંતુ આરોપી કોર્ટ સમક્ષ જણાવે છે કે તેઓએ કોઈ પણ જાતના દાબ દબાણ વિના અને સંપૂર્ણપણે સ્વેચ્છાથી આ ગુના કબુલાત પુરસીસ સહી કરીને રજૂ રાખી છે. આરોપીએ પોતે ગરીબ વર્ગના અને કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ હોવાનું જણાવી તેમના ઉપર દયા રાખી કાયદામાં દર્શાવેલી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા પણ વિનંતી કરી છે.

3. રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખતા ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામાલ સરકારશ્રી દ્વારા નિયત કરેલ જથ્થાથી ઘણો ઓછો જણાય છે. આ કામે મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. પૃથ્થકરણ અહેવાલ રજૂ નથી. આરોપી ગરીબ વર્ગના, કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકતિ હોવાનું જણાય છે. આરોપીએ પુરસીસમાં જાહેર કર્યા મુજબ તેઓનો પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તે અંગેની ખાત્રી આપે છે. આરોપીની દાબ દબાણ સિવાયની સ્વૈચ્છીક ગુના કબુલાત અને ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ ના. ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૫) GLR ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને રાખી આરોપીને હળવી માત્રામાં સજા કરવામાં આવશે તો તે ઉચિત હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

1. આરોપીને ક્રિમી.પ્રોસી.કોડ કલમ–૨૫૨ અન્વયે **ગુજ. પ્રોહી. એક્ટની કલમ–૬૫(એએ)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા અને **રૂ.૫૦/–** (અંકે રૂપિયા પચ્ચાસ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને વધુ દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવાનું ફરમાવવામાં આવે છે.
2. મુદ્દામાલ દારૂ અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા.૧૨ મી માહે–નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૧૨/૧૧/૨૦૨૨.
સ્થળ – ઉમરેઠ

**(એમ. કે. મહેતા)**
Judge Code : GJ01225
સ્પે.સીટીંગ જ્યુડી. મેજી.ફર્સ્ટ ક્લાસ, ઉમરેઠ